શઢ ઉપર પવન લાગતાંજ જેમ નૌકા ચંચળ થાય છે તેમ વિવાહ પછી રમાબાઇ પતિ પ્રેમના લાભ સારૂ અતિ ઉત્સુક થવા લ.ગી. તેને પ્રેમનાં સ્વપ્ના પણ આવવા [illegible] તેમ તે સુખકર પણ હતાં, પણ તે સ્વપ્નાંજ ! બિચારી રમાબાઈએ આ પ્રમાણે દુખે દિવસ કાઢવા માંડ્યા. તે બોલતી કે " ઇશ્વર દયાળુ છે, તે મને હમેશાં આમ દુઃખમાં રહેવા દેશે નહિ, પ્રભાત થતા પૂર્વે જે પ્રમાણે અંધકાર થાય છે, તેજ પ્રમાણે સુખ આવતા પૂર્વે મારે આ દુર્દશા ભોગવવી પડે છે " । દુ:ખરૂપી અંધકારમા આ પ્રમાણે ડુબ્યા છતા, તેના મનમા આશાના અંકુરો ફુટતા. અને તે ઉપર તે દિવસ કાઢવા લાગી

આશા ન રાખે ત્યારે બિચારી શુ કરે। મૃત્યુ સિવાય આ દુ ખમાથી છુટવાનો તેને એક ઇલાજ નહોતો, અને મૃત્યુ એટલે પોતાના પ્રીય પતિથી ચિર વિયોગ ' એમા તો તેનુ મન જરા પણ પ્રવૃત્ત થયું નહિ શંકરલાલને તો આ વિચાર કેવળ " જુઠોજ " છે અથવા આ સઘળી ભ્રાંતિજ છે એમજ ભાસતું. પણ જો આ ભ્રાંતિ તેને ન થઇ હોતતો આ દંપતિનો સંસાર હમેશા આમજ ચાલત કે શુ થાત તે શંશયાત્મકજ હતું !

ગમે તેમ હોય, પણ તદ્દન અસંભવિત વાતો પણ કાળે કરીનેજ થાય છે બિચારી રમાબાઇને પણ પુષ્કળ દિવસ દુ:ખમાં કાઢયા પછી તે અંધકારમા આનંદનો કંઇક પ્રકાશ આઘેથી દિસવા લાગ્યો ! તેણીએ એક પુત્ર રત્નનો જન્મ આપ્યો. તે દીવસથી [illegible] પોતાનુ યતકિંચિત દુ:ખ વિસરવા લાગીને તેમાંજ આનંદમાની કાળ વ્યતિત કરવા લાગી. પરંતુ આપણા શંકરલાલની સ્થીતિતો તેથી ઉલટીજ હતી ! આટલા દીવસ તેમને એકજ શત્રુ હતો પણ હવે તો બે મટીનોને થયા હતા. ભાઇને મોટો વિચાર પડયા [આટલા

દિવસ પતિ પ્રેમનીજ ધારતી હતી પણ હવે તે પુત્ર સ્નેહ આવીને પડયો! તથાપિ અમારા **શંકરલાલ** કંઇ ડગે તેવા પુરૂષ નહોતા. તેમણે લાગલોજ આ મનોવિકાર તેમના હૃદયમાં પેસી ન જાય તેની પાકી ચોકી રાખવાનો ઠરાવ કર્યો

ઘણા દિવસના દરિદ્રીને જેમ અમુલ્ય જવાહિર મળ્યાથી જેવો આનંદ થાય છે તેવો આનંદ **રમાને** પુત્ર રત્નના લાભથી થયો ને તેનું જીવની પેઠે લાલનપાલન કરવા લાગી, પણ આપણા **શંકરલાલને** તેથી ઉલટો દ્વેષ આવવા માંડયો! તે વારવાર કહેતા છોકરા માબાપોને સુખ આપવા અવતરતા નથી, તે સદા દુઃખને માટેજ નિર્માણ કરેલ છે. બાલપણમાં નાના પ્રકારની ચેષ્ટા કરીને માબાપને દુઃખ આપે છે ને મોટપણે માબાપની મરજી વિરૂદ્ધ કૃત્યો કરીને પણ તેમને દુઃખી કરે છે"

મોટા આશ્ચર્યની વાત કે, **શંકરલાલે** આટલો તિરસ્કાર બતાવ્યો તોપણ પતિપ્રેમવચિતા **રમા** પોતાના બાળક ઉપર અધિકાધિક પ્રેમ કરવા લાગી **શંકરલાલે** જો છોકરાને લાડ લડાવતા દીઠી તો પછી જોઇ શો વાત! ને તેનો પુષ્કળ તિરસ્કાર કરતો, પણ એકવાર દ્રષ્ટીગોચર થયા પછી તે ફરીથી છોકરાને લેતી ને ખરા માતૃ પ્રેમથી તેને ચુંબન કરતી!

વળી કેટલા એક વર્ષો વિત્યા, **રમાને** હવે ત્રણ છોકરા થયા હતાં, શંકરલાલના મનમાં હવે કંઇક આવવા માંડયું કે "જગત માયામય" "સંસાર અનિત્ય! એ સઘળું ખરૂં, પણ રોજનો સંસાર ચલાવવા કોઇપણ આજીવિકાની આવશ્યકતા હતી, ક્ષુધા, તૃષા વિગેરે કેટલાએક વિકાર, ખરેખરજ આ જગતમાં અસ્તિત્વ છે, અને તે ખરા છે, "જુઠ" નથી.

ત્યારે હવે અર્થ ઉપાર્જન સારૂ કંઇપણ ઉદ્યોગ કરવાનો અમારા **શંકરલાલે** ઠરાવ કર્યો. કોઇની ચાકરી કરવાનો તો

૭૧૪

તેમને ન્હાનપણથીજ તિરસ્કાર હતો ! તેમનો મોટો ભરોસો તો વેપારની ચંચલ લક્ષ્મીપર હતો, પરંતુ આ લાભ સંપાદન કરવાની અપેક્ષામાં સારી મૂડીની જરૂર હતી, અને મૂડીમાનો ભાઇ પૈસે ફાંફાંજ હતા !

શંકરલાલની મા પાસે કંઇક દ્રવ્ય સંચિત થયેલું હતું તેના પર ભાઇની નજર દોડી ? તેની સ્ત્રી પાસે પણ કંઇક દાગીના હતા ખરા, અને બિચારી રમા જેવી સુશીલ સ્ત્રી પાસેથી દાગીના મેળવવા એ કંઈ કઠણ કામ નહોતું; પણ ગમે તેમ હોય તોપણ આ અનાયાસે મળનારૂં દ્રવ્ય, મા પાસેથી કંઇપણ યુક્તિ કરીને કઢાવવું એવો ભાઇને લોભ થયો ! આપણ ભાતિના મનોવિકારો પૈકીનો એકજ હશે ?

જે યુક્તિથી તેમના બીજા ભાઇઓ કરતા તેમણે તેમની માપાસેથી વધારે પૈસા કઢાવ્યા, તે યુક્તિ ધર્મ અને નીતિ શાસ્ત્રને માન્ય હતી કે નહિ તેનો નિર્ણય કરવાની ભાંજગડમાં અમે પડતા નથી ! મા પાસેથી બધા ભાઇઓને સરખે હીસ્સે પૈસા મળ્યા, માત્ર ભેદ એટલોજ હતો કે જેનાપર માની વિશેષ પ્રિતિ અગર જેણે યુક્તિ પ્રયુક્તિ લડાવી તેને કંઇક વિશેષ મળ્યું ! લોકે તેની બહુ પંચાત કરી નહિ શંકરલાલના નજીકનાજ બે ચાર પાડોસીઓ વિગેરે બબડ્યા પણ તે કોણ જાણે શાથી કે તુરતજ ચુપકી પકડી રહ્યા ! માત્ર લાલની ભોજાઇઓજ પંદરેક દિવસ સુધી બબડતી રહી ખરી !

બિચારી નિર્દોષ રમાને દેરાણી જેઠાણીના કઠોર વાક્યો મુંગે મ્હોએ સહન કરવાં પડયા ! પછી કંઇક દિવસે તે ઝઘડો પણ શાંત પડયો.

હવે હમારા લાલના વેપારની શરૂઆત થઇ—

મનુષ્ય માત્રની ગતિ નદીના બહોળા પ્રવાહમાં ચાલતા નાવના જેવી છે. પ્રવાહને અનુસરીને ચાલી તો ઠીક પણ

દુર્ભાગ્યને લીધે આડી અવળી ચાલી તો તે ક્યાં જશે તે કહી શકાય નહિ! પણ તેમાંથીએ જો કોઇ નાવને ઇચ્છિત સ્થળેજ લઇ જાય એવા પુરૂષો વિરલાજ હોય છે

શંકરલાલનો વેપાર ધમધોકાર ચાલતો હોય એમ જણાયું. નફા ઉપર નફો થઇને તે ભ્રાતિયુકત માનનારા ગૃહસ્થનું અ-તઃકરણ સદા પ્રફુલ્લિત જણાવા લાગ્યું! તેને પૈસો સારો મળવા લાગ્યો અને તેમનું નામ પણ દિને દિને પ્રતિષ્ટત થવા લાગ્યું. મા પાસેથી પૈસો વધારે ખેંચી લીધા બદલ જે ભાઇઓ પહેલા નિંદા કરતા હતા તે ભાઇઓ પણ હવે આ-પણા લાલને "ભાઇ" "ભાઇ" કરીને તેની પાછળ પાછળ ફરતા હતા. આપણા શંકરલાલ કહેતા કે આ સઘળી પર-મેશ્વરનીજ કૃતિ છે.

શંકરલાલને પૈસો મળ્યો, આબરૂ મળી, પણ બિચારી રમાને તેથી કંઇપણ લાભ થયો નહિં. આટલા દિવસ શંક-રલાલ નિરૂધમી હતા તો કવચિત્ તેના દર્શન થતા પણ હવે તો તે ઉદ્યોગી થયા, આખો દિવસ ભાઇ પેઢી ઉપરજ કાઢતા, પછી દિવસે દિવસે રમાને પતિનું દર્શન થતું પણ દુર્લભ થવા માડયું એમા નવાઇ શી?

પરંતુ તે પોતાના બાળકો તરફ જોઇને સર્વ દુ:ખ વી-સરી જતી, તે રોજ ઇશ્વરની પ્રાર્થના કરતી કે, "હે પરમેશ્વર મારા સરખુ કષ્ટ મારા દુશ્મનને પણ દઇશ નહિ" તે એક સરખી દુ:ખિત હતી, પણ તે દુ:ખમાથી મુક્ત થવાને તેણે જીવ ઉપર આવવાનો કદીપણ ફરીથી વિચાર કર્યો નહતો. પહેલાં તેને આવા પતિથી વિખુટું પડવું એ પણ દુર્ઘટ લાગતું, તો હવે તો એ માતૃપદને પામી હતી. "મારા મરણ પછી મારા નાના બાળકોનુ શુ થશે? સાવકી માવા તેમની કેવા પ્રકારની બરદાસ્ત લેશે? મારાં લાડકાને વારેઘડી ખાવાપીવા

કોણ આપશે ?" એવા એવા વિચારોથી ઘણીવાર તેનુ મન વ્યાકુલ રહેતું, તેમજ રમાબાઇ સરખી સુશીલ સ્ત્રીને આત્મ હત્યા એ એક દુર્ઘટ પાપ લાગે એમા કઇ નવાઇ નથી !

ભ્રાંતિમાં ગ્રસ્ત થયેલા આપણા શંકરલાલ પોતાના ધંધામાં નિમગ્ન રહેતા. એકાદા વૃધ્ધ આદમીની પેઠે તેમણે વેપાર ધમધોકાર ચલાવ્યો. એક ક્ષણની પણ તેમને ફુરસદ મળતી નહિ. રમાબાઇની આંખ્યો અશ્રુ ખાળતી ઘણીવાર તેમની નજરે પડેલી, પણ તેનુ શું કારણ હશે તેનો વિચાર કરવાની પણ તેમને ફુરસદ નહોતી, તેમ ઇચ્છાએ થતી નહોતી ! એવાં એવાં બીજા ત્રણ વર્ષ નીકળી ગયા.

ચોથા વર્ષના પ્રારંભમાં વ્યાપાર જરા મંદ પડવા માંડયો શંકરલાલે ઘણા દિવસ ધંધો ધમધોકાર ચલાવ્યો, વ્યાપારમા પાછી તેજી આવે તે સારૂ તેણે અનહદ પરિશ્રમ કર્યો. જમા ખર્ચ ઉપર એક સરખી નજર રાખી, પણ ઇશ્વર આગળ મનુષ્યનુ ડહાપણ કયા સુધી ચાલે ? બિચારાને દુર્દૈવે આજ સપડાવ્યો. એક એક ભાગવાની માઠી ખબર પણ આજ ઘડીએ આવી પહોંચી પવનના સપાટામા જેમ સુકા પાદડા ઘસડાઇ જાય છે તેમ આ દુષ્ટ ખબર પડતા તેનો સર્વ વ્યાપાર છીન્નભીન્ન થઇ ગયો. તેણે હિસાબના મોટા મોટા ચોપડા ઉથલ પાથલ કર્યા પણ હવે તેમાથી એક કોડી નીકળે તેમ નહોતુ !

બિચારા શંકરલાલ કપાળે હાથ દઇને સ્વસ્થ બેશી રહ્યા. તેમને સર્વ કંઇ અંધકારમય જણાવા લાગ્યું !

ભ્રાંતિ શુન્ય શંકરલાલ ફરીથી હિસાબ તપાસવા લાગ્યા. જમા ખર્ચના ફરીથી ન્હોડાં મેળવ્યા, પણ કઇ વળ્યુ નહિ ! અસલની મુડી અને પછીથી મહા મહેનતે મેળવેલુ દ્રવ્ય આમ તણાઇ ગયું ! મોટા કષ્ટથી, મહા મહેનતે સમુ-

કાદે બાંધેલુ ઘર જેમ એકજ મોજાથી સાફ થઇ જાય છે તેમ આજ પર્યંત મોટા ચાતુર્યથી, મોટા યત્નથી, ભેગો કરેલો અર્થ સંગ્રહ દૂર્દૈવે તડાકામાં નહિ જેવો કરી નાખ્યો!

વિપત્તિ કદી પણ નહિ જોયેલી એવા આપણા શંકરલાલને હવે ભાસ્યુ કે આત્મહત્યા કરવી! એવો વિચાર કરીને તે ભ્રાંતિયુક્ત શંકરલાલ ઘેર પાછા ફર્યાં કે તેમની દ્રષ્ટીએ જ્યે'ષ્ટ કન્યાને કેડે બેસાડેલી રૂક્ષ્મણીબાઇ પડી!

વર્ષારૂતુના મેઘાચ્છાદિત વાદળા પ્રમાણે થયેલા મુખે આપણા શંકરલાલ ઘેર આવ્યા. આગણામા છોકરા રમતા હતા સૂર્યના કિરણોથી તેમના લાવણ્યમય મુખ પ્રફુલ્લિત થયા હતા'

શંકરલાલને જોતાંજ તેની જ્યેષ્ટ કન્યા વત્સલાએ દોડતી દોડતી આવી તેના અંગરખાનો છેડો પકડીને બોલી "બાપા તમારૂ મુખ આજે એમ કેમ દેખાય છે?" છોકરીના મુખમાથી આ શબ્દો નીકળતાજ શંકરલાલનું માથુ એકદમ ફરી ગયુ! છોકરી ફરી તેના મ્હો સામુ જોઇ "બાપા" એટલુ બોલતા બોલતામા તો તેના કોમળ ગાલ ઉપર ફડાક દઇને એક જબરો તમાચો પડ્યો! બિચારી છોકરી બહુજ બીહીને ગભરાઇ જઇને ભોય ઉપર પડી. છોકરીની આ દશા જોતજ શંકરલાલને કોઇ દિવસ અનુભવ ન થયેલો એવો પ્રેમભાવ ઉત્પન્ન થયો તેના મનમા ઢચુ પચુ થવા લાગ્યુ! પણ તે અસર તરતજ જતી રહી છોકરી પણ ત્યા વધારે વાર ઉભી રહેવાથી વિશેષ મેથી પાક મળશે એ બ્હીકથી તુરત ઉઠીને દોડી ગઇ. જતા જતા તેણીએ નિરાશા અશ્રુ સહિત નજર તેના પિતા તરફ નાખી. છોકરીના કપાળમા જરા વાગ્યું હતું અને તેમાથી લોહી વહેતુ હતુ. છોકરીના ગાલ ઉપર અશ્રુ બિંદુ એક પછી એક પડીને મોતીના દાણા પેઠે ઝગઝી રહ્યા હતા! છોકરીની તે કરૂણાજનક દ્રષ્ટિથી શું

કરલાલને ફરીથી નુતનભાવ જાગૃત થયો તે ઘરમા જઇને પોતાની ઓરડીમા એક આરામ ખુરશી ઉપર જઇને પડયા. ચાકર " કઇ જોઇએ છે ? " કરી પૂછવા આવ્યો તેને જવાબ મળ્યો કે " હાલ જરૂર નથી જોઇશે તો હાક મારીશ. " કહી સ્વસ્થ પડયા; પણ શુ ચમત્કાર ! તેની આખમાથી ચોધાર આસુ વહેતા હતા ! તે અંધકારમય સાજ તેને કંઇ જુદીજ જણાવા લાગી ! તેના હૃદયમા કોમળતા, કઠીણતાને ઢાકી દઇ બાહેર જણાવા લાગી ! તેનુ શરીર કાપવા લાગ્યુ અને કેટલોક વખત તેણે અશ્રુ નર્ઘાવ કર્યો '

પછી તે ઉઠયા, અનુતાપ અને આત્મગ્લાનિ સિવાય તેને એક જુદાજ સુખનો આજ અનુભવ થયો ! આ વેળા સાયકાળ મટીને રાત્રી થતી હતી, હળુહળુ શકરલાલે રમાના શયનગૃહમા પ્રવેશ કર્યો !

માતાના સુકોમળ ખોળામા માથુ મુકીને તે હતભાગિની કન્યા, ભર ઉંઘમાં હતી. તેના કપાળમા જ્યા વાગ્યું હતુ ત્યા એક પટ્ટી ચોટાડેલી હતી તેની નજદીકમા તેનો ભાઇ અને બીજી બહેન સુતા હતા. દિવાના ચંચળ પ્રકાશમા તેમના મુખ કમળ દ્રષ્ટીએ પડતાજ શકરલાલે એકદમ રડવા માડયુ ! તે જોઇને રમા તો અજાયબીમાજ ગરક થઇ !

શકરલાલે આજ પહેલ વહેલા ત્રણે છોકરાને મોટા પ્રેમથી ચુબન કર્યું !

વસત રૂતુ ખીલતા જેમ નાના પ્રકારના પુષ્પો વિકસિત થાય છે તેમ શકરલાલનુ હૃદય આજે આનંદથી ભરેલુ જણાવા લાગ્યુ ! તેણે આજ પર્યંતનો ઇતિહાસ રમાબાઇને જણાવ્યો, તે સાભળીને રમાની આખમા હર્ષના આસુ આવ્યા ! ને બન્નેના નેત્રોમાથી આસુઓ નીકળી તે સુતેલા બાળકો ઉપર પડવા માડયા એ આ પ્રથમજ બનાવ હતો !

અમારા શંકરલાલને હવે અનુભવ થયો કે આટલા દિવસ તે ખરેખર દુ:ખનાજ ગયા, અને ખરા સુખનો આજેજ અનુભવ થયો! ઘણા ધનના વૈભવ કરતા પણ આ સુખ વિશેષ હતુ.!

તે રાત્રે આ પતિ પત્નિની અનેક વાતો થઇ! જે સઘળી લખીએ તો રામાયણ થાય! આપણા શંકરલાલે રમાને પરણ્યો ત્યારથી સન્માનનું જે લ્હેણુ હતુ તે પુરૂ કરી આપ્યુ! આ ભાતિ મુલકના મનોવિકારને વશ થતાજ તે આ "અસાર સંસારમા" વિશેષ સુખોપભોગ મેળવવા લાગ્યો! સર્વ જગત તેને સુખમયજ દિસવા લાગ્યું!

પ્રાત કાળે તે ઉઠીને ખડકીમાથી બાહેર આવ્યા તો સર્વ સૃષ્ટિ તેને નવીનજ દેખાઇ! પક્ષીઓનો કોલાહલ જે આ પણા મહાત્માના કાનને અપ્રિય હતો તે પણ આનંદિત જણાવા લાગ્યો!

કહેવાની જરૂર નથી કે શંકરલાલે સુશીલ રમાના આશ્રય હેઠળ તેનુ ગયેલુ સર્વ પાછુ મેળવ્યું અને આ વખત તેને જે કઇ સુખ મળતુ તે પહેલા કરતા તદ્દન જુદુજ હતુ!!!!